# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-02-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## અમદાવાદ- બાંગ્લાદેશી દેશ નિકાલ

અમદાવાદની ગુનાશોધક શાખાએ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરીને ગેરકાયેદસર રીતે વસતા **15** બાંગલાદેશીઓનો દેશ નિકાલ કર્યો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું છે કે, પોલિસે સગીર છોકરીઓની હેરાફેરી કરનારા વ્યક્તિઓની ઓળખ અને ધરપકડ કરી છે અને ગેરકાયદેસર રીતે ભારતમાં રહેવા માટે નકલી ભારતીય દસ્તાવેજો બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કોમ્બિંગ ઓપરેશન દરમિયાન ૫૦ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

રાજ્યભરમાં **16** ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. કચ્છમાં રાપર અને ભચાઉ નગરપાલિકાની ચૂંટણી માટે જિલ્લા કલેકટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાપર નગરપાલિકામાં **26** મતદાન મથકો પર **200** કર્મચારીઓ ફરજ બજાવશે, જ્યાં **23** હજારથી વધુ મતદારો મતદાન કરશે. પાંચ સંવેદનશીલ બુથ પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને કાયદો-વ્યવસ્થા જાળવવા **150** સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવશે. કુલ **14** શાળા-હાઇસ્કૂલના મકાનોમાં મતદાન મથકો ઊભા કરવામાં આવશે. ભચાઉ નગરપાલિકામાં **18** મતદાન મથક પર **90** કર્મચારીઓ ફરજ બજાવશે.

--------------------------------------------------------------------------------

## ગાંધીધામ સ્થાપના દિન

ગાંધીધામ શહેરના આજે સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીધામ ધારાસભ્ય, મહાનગરપાલિકાના કમિશ્નર સહિતના વિવિધ અગ્રણીઓ અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં ભાઇ પ્રતાપની સમાધી અને ગાંધી સમાધી સ્થળે પૂજનવિધી કરવામાં આવી હતી. તો શહેરના સ્થાપક ભાઇપ્રતાપની સ્મૃતિમાં ભાઇપ્રતાપ મેમોરિયલ હોલનું એસઆરસી દ્વારા ઉદઘાટન કરાયું હતું. આ મેમોરિયલ હોલમાં ભાઇપ્રતાપના જીવનની મહત્વની ઘટનાઓ અંગેનું મ્યુઝિયમ સામેલ છે. સાંજે વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેક કટીંગ કરી ગાંધીધામ ડે નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

સમાજ નવ નિર્માણ ટ્રસ્ટ-ભુજ તથા કચ્છ લોકસભા દ્વારા શહેરના સ્થાપના દિવસ નિમિત્તે ડી.પી.ટી. ગ્રાઉન્ડ થી પંચમુખી હનુમાન મંદિર સુધી 'સાંસદ સ્વચ્છતા મેરેથોન' રન ફોર સ્વચ્છ ભારતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં  રાજકીય, સામાજિક આગેવાનો  સહિત બહોળી સંખ્યામા શહેરીજનો જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## બોર્ડ પરીક્ષા 2025 : કચ્છ

વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દી માટે નિર્ણાયક એવી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ આગામી ૨૭મી ફેબ્રુઆરીથી શરૂ થશે. કચ્છ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડ પરીક્ષાની પૂર્વ તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચી છે.

જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષા ચાલી રહી હોઈ ત્યારે પરીક્ષા કેન્દ્ર પર વીજ વિક્ષેપ ન થાય તે માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી હતી. પરીક્ષા દરમ્યાન કોઈ પણ કેન્દ્ર પર વીજ પુરવઠો ન ખોરવાઈ તે સુનિશ્ચિત કરવા વીજતંત્રને સૂચના અપાઈ છે. આ ઉપરાંત પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થીને શારીરિક તકલીફ ઉભી થાય તો તકેદારીના ભાગરૂપે દરેક પરીક્ષા કેન્દ્ર પર આરોગ્ય વિભાગની ટીમને સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. અપડાઉન કરતા પરીક્ષાર્થીઓ પરીક્ષા

કેન્દ્ર પર સમયસર પહોંચી શકે તે માટે બસની સેવા સુનિશ્ચિત રાખવા તાકીદ કરવામાં આવી છે તેવું શ્રી પરમારે વધુમાં જણાવ્યું હતું.

---

## કચ્છીભાષ ગૌરવ પુરસ્કાર

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ આપવામાં આવતા કચ્છી ભાષા ગૌરવ પુરસ્કારની ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાની અધ્યક્ષતામાં મળેલી સમિતિની બેઠકમાં વર્ષ **2023** માટે બે કચ્છી સર્જકને ગૌરવ પુરસ્કાર આપવાની ઘોષણા કરવામાં આવી છે. કચ્છી ભાષાના સંવર્ધનમાં શ્રેષ્ઠ યોગદાન આપવા બદલ વિશ્રામ ગઢવીને સાહિત્ય ગૌરવ, તો ડો. પૂર્વિ ગોસ્વામીને યુવા ગૌરવ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હોવાનું ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવે પાઠવેલી યાદીમાં જણાવાયું છે.

---

## કચ્છ : બાયોડિઝલ ઝડપાયું

પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે  ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી **24** હજાર **895** લીટર ગેરકાયદેસર બાયોડીઝલ નો જથ્થો ઝડપી પાડ્યો છે. કોઈપણ પ્રકારના પુરાવા અને બિલ વગરનો  પેટ્રોલિયમ પેદાશનો જથ્થો મળી આવતા સ્થાનિક ગુના શાખાએ કાર્યવાહી કરી હતી.

પોલિસે કન્ઝ્યુમર પંપ તથા ડીઝલ સંગ્રહ કરવાનો ટાંકો અને ડીઝલ સહિત કુલ **19** લાખ **91** હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની છેલ્લી મેચ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે શરૂ થઈ છે. ભારતે ઇંગ્લેન્ડને 357 રનનો ટાર્ગેટ આપ્યો હતો. શુભમને ગીલે સદી ફટકારી હતી જ્યારે વિરાટ કોહલી અને શ્રેયસ અયરે અર્ધશદી ફટકારી હતી. ઇંગ્લેન્ડના બોલર આદિલ રશિદે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. હાલ બીજી ઇનિંગ્સ શરૂ થઈ ગઈ છે. છેલ્લા સમાચાર મુજબ ઇંગ્લેન્ડની ટીમે 7 ઓવર અને 1 વિકેટના ભોગે 75 રન બનાવ્યા છે.  અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત 3 વનડે મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે.

---------------------------------------------------------------------------------------